# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા, નગર હવેલી અને દમણ દીવની બે દિવસની મુલાકાતે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે ભારત વૈશ્વિક વિકાસને આગળ વધારવાના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યો છે.

3) કોવિડ-19 દરમિયાન સક્ષમ નેતૃત્વ અને સમર્થન બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પ્રતિષ્ઠિત માનદ ઓર્ડર ઓફ ફ્રીડમ ઓફ બાર્બાડોસ એવોર્ડથી સન્માનિત કરાયા.

4) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ માર્ગ સલામતીના પગલાંમાં સુધારો કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો.

5) જેનેરિક દવાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે આજે જન ઔષધિ દિવસની ઉજવણી.

6) મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, ગુજરાત જાયન્ટ્સ નો મુકાબલો લખનૌમાં દિલ્હી કેપિટલ્સ સામે.

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.-PM---GUJARAT-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા, નગર હવેલી અને દમણ તેમજ દીવની બે દિવસની મુલાકાતે છે.

શ્રી મોદી ગુજરાતના સુરત અને નવસારી અને દમણના સેલ્વાસમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. પ્રધાનમંત્રી આજે સવારે સેલ્વાસના દાદરા અને નગર હવેલીમાં 2,587 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી સેલ્વાસમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

સુરતમાં, પ્રધાનમંત્રી સુરત ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ કરશે. સુરતમાં લગભગ બે લાખ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભ મળશે. શ્રી મોદી આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર નવસારીમાં 'લખપતિ દીદી સંમેલન'માં હાજરી આપશે. પ્રધાનમંત્રી પચીસ હજારથી વધુ સ્વ-સહાય જૂથોની અઢી લાખ મહિલાઓને 450 કરોડ રૂપિયાથી વધુની સહાય આપશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટે વધુ માહિતી આપી.....

(VOICE CAST: APARNA KHUNT)

# PM-PRIVATE-TV-EVENT PAGE-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે ભારત વૈશ્વિક વિકાસને આગળ વધારતા વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યો છે.

ભારતની સિદ્ધિઓ અને સફળતાઓએ સમગ્ર વિશ્વમાં આશાની નવી લહેર પેદા કરી છે. તેમણે કહ્યું કે, આજે આખી દુનિયા ભારતનો યુગ કહી રહી છે. નવી દિલ્હીમાં એક ખાનગી ન્યૂઝ ચેનલના કાર્યક્રમમાં બોલતા,

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજનું ભારત મહત્વાકાંક્ષી લક્ષ્યો નક્કી કરે છે અને નોંધપાત્ર પરિણામો આપે છે. તેમણે કહ્યું, છેલ્લા દાયકામાં ભારત પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે અને હવે તે ઝડપથી વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું, છેલ્લા દસ વર્ષમાં, ભારત વિશ્વનો બીજો સૌથી મોટો સ્ટીલ ઉત્પાદક, બીજો સૌથી મોટો મોબાઇલ ફોન ઉત્પાદક અને ત્રીજો સૌથી મોટો સ્ટાર્ટઅપ રાષ્ટ્ર બન્યો છે. તેમણે કહ્યું, સૌર ઉર્જા ક્ષમતાના સંદર્ભમાં ભારત ટોચના પાંચ દેશોમાં સામેલ છે.

## BYTE: PM-MODI-ERA-OF-INDIA

અવકાશ ક્ષેત્રનું ઉદાહરણ આપતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકાર પાછલા વહીવટીતંત્ર દ્વારા મૂકવામાં આવેલા અવરોધોને સતત દૂર કરી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે, અવકાશ ક્ષેત્ર હવે યુવા સંશોધકો માટે ખુલ્લું મુકાઈ ગયું છે. આના પરિણામે દેશમાં 250 થી વધુ અવકાશ સ્ટાર્ટઅપ્સ કાર્યરત થયા છે.

દેશના વિકાસ માટે રાષ્ટ્રીય સુરક્ષાના મહત્વ વિશે બોલતા, પ્રધાનમંત્રીએ છેલ્લા દાયકામાં સુરક્ષા વધારવા માટે કરવામાં આવેલા નોંધપાત્ર કાર્ય વિશે વાત કરી. તેમણે કહ્યું કે, પહેલા ટેલિવિઝન ચેનલો પર શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટો અને સ્લીપર સેલ નેટવર્ક પર ખાસ કાર્યક્રમોના સમાચાર સામાન્ય હતા, પરંતુ આજે આવી ઘટનાઓ ટેલિવિઝન ચેનલો અને દેશમાંથી

ગાયબ થઈ ગઈ છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, અત્યાર સુધીમાં ડીબીટી દ્વારા લાભાર્થીઓના ખાતામાં 42 લાખ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે, 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેઓ એક લાખ યુવાનોને રાજકારણમાં લાવવા માંગે છે, જેઓ પોતાના પરિવારમાં પહેલી વાર રાજકારણમાં પ્રવેશ કરી રહ્યા છે.

# PM-BARBADOS-AWARD

બાર્બાડોસ સરકારે કોવિડ-19 રોગચાળા દરમિયાન સક્ષમ નેતૃત્વ અને સમર્થન બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પ્રતિષ્ઠિત માનદ ઓર્ડર ઓફ ફ્રીડમ ઓફ બાર્બાડોસ એવોર્ડથી સન્માનિત કર્યા છે. બ્રિજટાઉનમાં એક સમારોહમાં પ્રધાનમંત્રી મોદી વતી વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિટાએ એવોર્ડ સ્વીકાર્યો. શ્રી માર્ગેરિટાએ આ પુરસ્કાર માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તેને એક મહાન સન્માન ગણાવ્યું. ગયા વર્ષે 20 નવેમ્બરના રોજ જ્યોર્જટાઉનમાં પ્રધાનમંત્રી મોદી સાથેની મુલાકાત દરમિયાન બાર્બાડોસના પ્રધાનમંત્રી મિયા અમોર મોટલી દ્વારા આ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી હતી.

# GADKARI--ROAD-SAFETY

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ માર્ગ સલામતીના પગલાંમાં સુધારો લાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો.

તેમણે માર્ગ બાંધકામ ઉદ્યોગને નવી ટેકનોલોજી અને ટકાઉ રિસાયકલ કરી શકાય તેવા બાંધકામ સામગ્રી અપનાવીને માર્ગ સલામતી વધારવા માટે વ્યૂહરચના વિકસાવવા હાકલ કરી. મંત્રી ગઇકાલે નવી દિલ્હીમાં બે દિવસીય ગ્લોબલ રોડ ઇન્ફ્રાટેક સમિટ અને એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યા પછી

**બોલી રહ્યા હતા. શ્રી ગડકરીએ અવલોકન કર્યું કે, દેશમાં થતા મોટાભાગના માર્ગ અકસ્માતો રોડ ડિઝાઇનમાં નબળી સિવિલ એન્જિનિયરિંગ પદ્ધતિઓ અને અયોગ્ય રોડ સાઇનેજ અને માર્કિંગ પધ્ધતિને કારણે થાય છે. તેમણે કહ્યું કે, માર્ગ સલામતીને ટોચની પ્રાથમિકતા આપતા, સરકાર 2030 સુધીમાં અકસ્માત દરમાં 50 ટકા ઘટાડો કરવાનું લક્ષ્ય રાખે છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# PM-JAN-AUSHADI-DIWAS

**આજે જન ઔષધિ દિવસ છે. જેનેરિક દવાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 7 માર્ચે જન ઔષધિ દિવસ ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજનાનો ઉદ્દેશ્ય દરેકને પોષણક્ષમ ભાવે ગુણવત્તાયુક્ત જેનેરિક દવાઓ પૂરી પાડવાનો છે.**

**પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો પર જેનેરિક દવાઓ ઓછી કિંમતે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ કેન્દ્રો પર, બજાર કરતાં 50 થી 80 ટકા**

સસ્તા દરે દવાઓ ખરીદી શકાય છે. શ્રેષ્ઠ ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે, અહીં ફક્ત પ્રમાણિત ઉત્પાદકો પાસેથી ખરીદેલી દવાઓ જ ઉપલબ્ધ છે.

આ પહેલને ટેકો આપવા માટે રસાયણ અને ખાતર મંત્રાલયે દેશભરમાં એક સપ્તાહની પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે.

## GADKARI-WOMEN'S HONOR

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવા માટે નાગરિકોને અસ્પૃશ્યતા, જાતિ આધારિત ભેદભાવ અને અસમાનતાઓથી મુક્ત થવું પડશે.

નવી દિલ્હીમાં લોકમાતા અહલ્યાબાઈ હોલકર મહિલા સન્માન કાર્યક્રમને સંબોધતા શ્રી ગડકરીએ કહ્યું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમાનતા પર આધારિત સમાજનું નિર્માણ કરવાનો છે.

(BYTE: GADKARI)

## CRICKET - WPL.

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, ગુજરાત જાયન્ટ્સ લખનૌમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યાથી રમાશે.

ગઇકાલે મુંબઈ ઈન્ડિયન્સે યુપી વોરિયર્સને 6 વિકેટથી હરાવ્યું. આ હાર સાથે, યુપી વોરિયર્સની પ્લેઓફમાં પહોંચવાની શક્યતા લગભગ સમાપ્ત થઈ ગઈ છે. લખનૌમાં પ્રથમ બેટિંગ કરતા, યુપી વોરિયર્સે નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટે 150 રન બનાવ્યા. જ્યોર્જિયા વોલે સૌથી વધુ 55 રનનું

યોગદાન આપ્યું. મુંબઈ તરફથી અમેલિયા કેરે 5 વિકેટ લીધી. જવાબમાં, મુંબઈ ઈન્ડિયન્સે 9 બોલ બાકી રહેતાં વિજયી લક્ષ્ય હાંસલ કરી લીધું. મેથ્યુઝ પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા.

# HOME-TRIBAL-EXCHANGE

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે ગઈકાલે નવી દિલ્હીમાં આદિવાસી યુવા વિનિમય કાર્યક્રમ હેઠળ લગભગ 200 આદિવાસી યુવાનો સાથે વાતચીત કરી.

છત્તીસગઢ અને ઓડિશાના આદિવાસી જિલ્લાઓના આ યુવાનો હાલમાં રાષ્ટ્રીય રાજધાનીમાં છે. આ યુવાનો સાથે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, દેશના ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત જિલ્લાઓમાં ઘણા વિકાસ કાર્યો થયા છે. તેમણે કહ્યું કે, આ જિલ્લાઓમાં રસ્તાઓ અને રેલ્વેનું નેટવર્ક બિછાવવામાં આવ્યું છે અને નવી શાળાઓ ખોલવામાં આવી છે. શ્રી રાયે જણાવ્યું કે, આદિવાસી સમુદાયોએ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ અને તેની સંસ્કૃતિના સંરક્ષણમાં ખૂબ જ યોગદાન આપ્યું છે. તેમણે યુવાનોને 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં યોગદાન આપવા અપીલ કરી.

વાતચીત દરમિયાન, છત્તીસગઢના બસ્તર જિલ્લાની આદિવાસી છોકરી ફૂલમણિ કશ્યપે પણ યુવા વિનિમય કાર્યક્રમ વિશેના પોતાના અનુભવો રજૂ કર્યા.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

હવે જોઇએ અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર

- દિવ્ય ભાસ્કર, ફૂલછાબ , સંદેશ અને નવગુજરાત સમયે લંડનમાં વિદેશમંત્રી એસ.જયશંકર પર ખાલીસ્તાની સમર્થકોના હુમલાના પ્રયાસના સમાચારની હેડલાઇન્સ તસવીર સાથે બનાવી છે.. સાથોસાથો ભારત દ્વારા અપાયેલી આકરી પ્રતિક્રિયાને પણ તમામ અખબારોએ બોક્સ આઇટમમાં પ્રસિધ્ધ કરી છે..
- ગુજરાત સમાચારે મુંબઇમાં કોઇપણ ભાષા ચાલે, મરાઠી જરૂરી નથી તેવા આર એસએસના નેતા ભૈયાજી દ્વારા કરાયેલા નિવેદનને મુખ્ય સમાચાર તરીકે સ્થાન આપ્યું છે.
- અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સ્પેસે કાશ્મીર વીલ બી રિઝોલ્વ્ડ ઇફ પાકિસ્તાન રિટર્ન્સ સ્ટોલન પાર્ટ ડો. જયશંકરના નિવેદનને ટાંકીને હેડલાઇન બનાવી છે.
- જ્યારે તમામ અખબારોએ પ્રધાનમંત્રીના ઉત્તરાખંડના પ્રવાસના સમાચાર પણ પ્રકાશિત કર્યા છે. આ ઉપરાંત પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના પ્રવાસીઓ માટે અમેરિકા પ્રતિબંધ લાદશે , ટીબી નાબૂતીની લક્ષ્યાંક ચૂકાયુ, ડિપોર્ટ કરવા હવે અમેરિકા આર્મી વિમાન નહીં વાપરે તેવા સમાચાર પણ તમામ અખબારોના પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- જ્યારે સ્થાનિક અને રાજયના સમાચારોમાં તમામ અખબારોએ છેલ્લા પેજ ઉપર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાતના સમાચાર છાપ્યાં છે.. આ સાથે થાનના સરકારી ગોડાઉનમાં લાગેલી આગના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે..
- આ ઉપરાંત તમામ અખાબારોએ દુબઈમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચમાં ભારત અને ન્યુઝિલેંડની તૈયારીઓ અને મહિલા પ્રિમિયર લીગની મેચમાં મુંબઇ ઇન્ડિયન્સનો યુપી વોરિયર્સ સામે વિજય થયો હોવાના અહેવાલ પણ પ્રકાશિત થયા છે.